# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-10-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

*************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 16મા બ્રિક્સ સંમેલન પૂર્વે જણાવ્યું કે ભારત બ્રિક્સ અંતર્ગત ઘનિષ્ઠ સહકારને મહત્વ આપે છે
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ખેડૂતો અને મહિલાઓના સશક્તિકરણ NDDBની ભૂમિકા મહત્વની છે
3) દિલ્હીમાં આયોજીત રાષ્ટ્રીય જળ પુરસ્કાર સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પુસ્કાર એનાયત કર્યો
4) ઝારખંડ વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જાહેરનામું પ્રસિદ્ધ થયું
5) આંધ્ર પ્રદેશના અમરાવતીમાં આજથી બે દિવસીય ડ્રોન સંમેલનનો પ્રારંભ
6) અને ચક્રવાત દાનાને પગલે ઓડિશાના અને પશ્ચિમ બંગાળના કાંઠા વિસ્તારોમાં અલર્ટ જાહેર

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM SPEECH RUSSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી રશિયાના બે દિવસના પ્રવાસે રવાના થયા છે. તેઓ કઝાનમાં આયોજીત 16મા બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેશે. શ્રી

મોદીએ કહ્યું કે ભારત બ્રિક્સ અંતર્ગત ઘનિષ્ઠ સહકારને મહત્વ આપે છે. બ્રિક્સ વૈશ્વિક વિકાસ એજન્ડા, બહુપક્ષવાદ, આબોહવા પરિવર્તન, આર્થિક સહકાર, સંસ્કૃતિ અને લોક સંપર્કને પ્રોત્સાહન વિગેરે જેવા મુદ્દાઓ પર ચર્ચા માટે મહત્વનું મંચ પૂરું પાડ્યું છે.

વધુમાં તેમણે ઉમેર્યું કે ગત વર્ષે નવા સભ્યો જોડવાની સાથે બ્રિક્સના વિસ્તારને વૈશ્વિક સુખાકારી માટે તેની સમાવેશિતા અને એજન્ડા સાથે જોડ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે જુલાઈ 2024માં મૉસ્કોમાં આયોજીત વાર્ષિક શિખર સંમેલનના આધારે કઝાનની તેમની યાત્રા ભારત અને રશિયા વચ્ચે વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત રાજદ્વારી ભાગીદારીને મજબૂત બનાવશે. રશિયા પ્રવાસ દરમિયાન પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપ્રમુખ વ્લાદીમિર પુતિન સહિત વિશ્વના અન્ય નેતાઓ સાથે બેઠક કરી કરશે.

## AMIT SHAH IN GUJARAT

ગુજરાતની મુલાકાતે પહોંચેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ-NDDBની સ્થાપનાનાં હીરક જયંતિ અને ત્રિભુવનદાસ પટેલની જન્મજયંતી નિમિત્તે આણંદનાં એનડીડીબી ઓડિટોરિયમ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું કે, પાંચ કરોડ પશુ પાલકો સુખ-શાંતિની જિંદગી જીવે છે, તે ત્રિભુવનભાઇ પટેલને આભારી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, 60 વર્ષમાં NDDBએ ખેડૂતો અને મહિલાઓનું સશક્તિકરણ કર્યું છે તેમણે કૃષિને આત્મનિર્ભર બનાવવામાં NDDBની ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે, એનડીડીબી વિશ્વની સહુથી મોટી સંસ્થા બની ગયેલ છે.

શ્રી શાહે એનડીડીબીના ત્રણ નવા પ્રોજેક્ટનો પણ શુભારંભ કરાવ્યો હતો. બપોર બાદ તેઓ ભારતીય જનતા પાર્ટીનાં ગાંધીનગરનાં નવીન કાર્યાલયનું ખાતમૂહુર્ત કરશે. સાંજે તેઓ મહાત્મા મંદિર ખાતે 14મા અખિલ ભારતીય હોમગાર્ડ

અને નાગરિક સુરક્ષા સંમેલનમાં હાજરી આપશે. ત્યારબાદ કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાઓ અંતર્ગત શિષ્યવૃત્તિ વિતરણ કરશે..

## NIRMALA- COLUMBIA SESSION

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે, નોન-પર્ફોર્મિંગ એસેટ્સનાં નીચા સ્તર અને ઊંચામૂડી પર્યાપ્તતા ગુણોત્તરને કારણે ભારતની બેન્કિંગ પ્રણાલિ મજબૂત બની છે. તેમણે ઉમેર્યું કે, નાણાકીય ક્ષેત્ર મહત્વનાં ઉદ્યોગોને જરૂરી ધિરાણ પૂરું પાડીને વૃધ્ધિ સાતત્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

અમેરિકાના ન્યૂયોર્કમાં કોલંબિયા યુનિવર્સિટી ખાતે એક સત્રને સંબોધતા નાણામંત્રીએ જણાવ્યું કે, ડિજિટિલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણને પગલે નકારાત્મક વલણો સામે ટકી રહેવાની ભારતીય અર્થતંત્રની ક્ષમતા વધુ મજબૂત બની છે. તેમણે ઉમેર્યું કે, ભારતમાલા અને સાગરમાલા જેવા વિશાળ પ્રોજેક્ટ્સને કારણે દેશભરમાં કનેક્ટિવિટી સુનિશ્ચિત બનતા ભારતનાં માળખાકીય વિકાસમાં તીવ્ર વધારો થયો છે. નાણામંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વૈશ્વિકજટિલ આર્થિક વાતાવરણમાં પણ ભારતનો મૂડી પાયો મજબૂત રહ્યો છે, જે ભાવિ વૃધ્ધિ માટેમજબૂત પાયાનું કામ કરે છે. ભારત હાલમાં વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર છે, જે 2013માં 10મા ક્રમે હતું.

## RBI GOVERNOR

RBIના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું છે કે ભારતની વિકાસ યાત્રા અકબંધ છે કારણ કે તેના મૂળભૂત પરિબળો - વપરાશ અને રોકાણની માંગ - વેગ પકડી રહયા છે. RBIના માસિક બુલેટિનમાં, શ્રી દાસે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 માટે ભારતનો વિકાસ દર 7.2 ટકા જોવા મળે તેવી શક્યતા છે.

તેમણે ઉમેર્યું હતું કે સુધારેલ કૃષિ દૃષ્ટિકોણ અને ગ્રામીણ માંગને પગલે ખાનગી વપરાશની સંભાવનાઓ ઉજ્જવળ દેખાય છે. RBIના એક અહેવાલ અનુસાર, 2024-25 માટે ગ્રાહક ભાવ સૂચક આંકનો ફુગાવો 4.5 ટકા રહેવાનો અંદાજ છે.

## PRESIDENT WATER AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં પાંચમા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2023 એનાયત કર્યા હતા. નવ જેટલી શ્રેણીમાં 38 વિજેતાઓને આ પુરસ્કાર એનાયત કરાયા હતા. આ પ્રસંગે સંબોધન કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે, જળસંસાધનોના સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં રાજ્યોની ભૂમિકા મહત્વની છે.

સર્વશ્રેષ્ઠ રાજ્યની શ્રેણીમાં પહેલો પુરસ્કાર ઓડિશાને, ઉત્તરપ્રદેશને બીજો અને ગુજરાત તેમજ પુડુચેરીને સંયુક્ત રીતે ત્રીજો પુરસ્કાર એનાયત કરાયો હતો. દરેક વિજેતાઓને એક પ્રશસ્તિપત્ર અને વિજયચિહ્નની સાથે અનેક શ્રેણીઓમાં રોકડ પુરસ્કારથી પણ સન્માનિત કરાયા.

જળશક્તિ મંત્રાલયે જણાવ્યું કે, રાષ્ટ્રીય જળ પુરસ્કાર જળ સમૃદ્ધ ભારતના, સરકારના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે દેશભરમાં લોકો અને સંગઠનો દ્વારા કરાયેલા નોંધપાત્ર પ્રયાસના યોગદાન માટે અપાય છે.

## PM MODI GREETS AMIT SHAH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને તેમના જન્મ દિવસ પ્રસંગે શુભેચ્છા પાઠવી છે. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે શ્રી શાહ એક મહેનતુ નેતા છે, જેમણે પોતાનું જીવન ભાજપને મજબૂત બનાવવા માટે સમર્પિત કર્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તેમણે એક અસામાન્ય પ્રશાસન તરીકે પોતાની ઓળખ બનાવી છે, અને વિકાસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટેના ઘણા પ્રયાસો કર્યા છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.**

………………………………………………………………………………

## JHARKHAND NOTIFICATION

ઝારખંડમાં થનારી વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે આજે જાહેરનામું પ્રસિદ્ધ થયું છે. આ તબક્કામાં 38 બેઠકો પર 20 નવેમ્બરે મતદાન થશે. ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ 29 ઑક્ટોબર છે. ઉમેદવાર સવારે 11 વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી પત્રો ભરી શકશે. 1 નવેમ્બર સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે.

પ્રથમ તબક્કા માટેમતદાન 13 નવેમ્બરે થશે. જ્યારે કે મત ગણતરી 23 નવેમ્બરના રોજ થશે. દરમિયાન પહેલા તબક્કાની ચૂંટણી માટે અત્યાર સુધીમાં 25 ઉમેદવારોએ નામ નોંધાવ્યા છે.

## KERALA-BYE ELECTIONS

કેરળમાં, વાયનાડ લોકસભા મતવિસ્તારમાં અને ચેલાક્કારા અને પલક્કડના બે વિધાનસભા મતવિસ્તારોમાં 13 તારીખે થનાર પેટા ચૂંટણી અંગે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. વાયનાડથી ચૂંટણીલડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધી આવતીકાલે આ બેઠક પરથી ઉમેદવારી પત્રભરશે. એ પહેલા તેઓ એક રોડ શો કરશે જેમાં વિપક્ષના નેતા અને પૂર્વ વાયનાડ સાંસદ રાહુલ ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ

મલ્લિકાર્જુન ખડગે, પક્ષના નેતા સોનિયા ગાંધી અને અન્ય રાજ્યના નેતાઓ સાથે રહેશે.

ચેલક્કારા આરક્ષિત મતવિસ્તાર અને પલક્કડમાં, ત્રણ મુખ્ય પક્ષો UDF, LDF અને NDAના ઉમેદવારો આવતીકાલથી તેમના ઉમેદવારી પત્રો દાખલ કરશે. NDAના નવ્યા હરિદાસ અને LDFના ઉમેદવાર સત્યન મોકેરી ગુરુવારે ઉમેદવારી પત્ર ભરશે. ચેલક્કારા અનામતમત વિસ્તારમાં, કોંગ્રેસે પૂર્વ સાંસદ રેમ્યા હરિદાસ, LDF એયુ.આર. પ્રદીપ અને NDAએ કે. બાલકૃષ્ણનને મેદાનમાં ઉતાર્યા છે. પલક્કડ મતવિસ્તારમાંથી UDF એ કોંગ્રેસના રાહુલ મમકુટ્ટાથિલ, LDF એ ડૉ પી. સરીનને, જ્યારે NDA એ BJPના પ્રદેશ મહાસચિવ સી કૃષ્ણકુમારને મેદાનમાં ઉતાર્યા છે.

## AMARAVATI DRONE SUMMIT

આંધ્ર પ્રદેશના અમરાવતીમાં આજથી બે દિવસીય ડ્રોન સંમેલન - 2024નો પ્રારંભ થયો રહ્યો છે. મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લીધો. આંધ્ર પ્રદેશ ડ્રોન કૉર્પોરેશન દ્વારા આયોજિત આ સંમેલનમાં 1000 થી વધુ પ્રતિનિધિઓ અને પ્રદર્શકો ભાગ લઈ રહ્યા છે.

આ સમિટ નાગરિક ઉડ્ડયન મંત્રાલય, સંરક્ષણ ક્ષેત્ર, ભારતીય ઉદ્યોગ સંઘ, સંશોધન વિદ્વાનો અને ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકોના પ્રતિનિધિઓને એક મંચ પર લાવશે. સમિટનો ઉદ્દેશ્ય ડ્રોન ઉત્પાદનમાં રોકાણને આકર્ષવાનો, ડ્રોન ટેક્નોલોજીના ભાવિ અને ઈનોવેશન હબ દ્વારા ડ્રોન ઈકો-સિસ્ટમ બનાવવા માટેની વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવા માટે એક મંચ તૈયાર કરવાનો છે. સમિટમાં વિજયવાડામાં કૃષ્ણા નદીના કિનારે 5000 થી વધુ ડ્રોન સાથે દેશનો સૌથી મોટો ડ્રોન શૉ યોજાશે.

## VIETNAM PRESIDENT

લાઓંગ કુઓંગ વિયેતનામના નવા રાષ્ટ્રપતિ ચૂંટાયા છે. તેઓ વિયેતનામ કમ્યુનિસ્ટ પક્ષના સભ્ય છે. વિયેતનામની 15મી રાષ્ટ્રીય સભાના વર્તમાન 8માં સત્રમાં શ્રી કુઓંગને વર્ષ 2026 સુધી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા. રાષ્ટ્રીય સભામાં ઉપસ્થિત તમામ 440 પ્રતિનિધિઓએ શ્રી કુઓંગના પક્ષે મતદાન કર્યું હતું. શ્રી કુઓંગ પૂર્વ રાષ્ટ્રપતિ, ટ્ર લૈમનું સ્થાન લેશે.

# ODISHAA CYCLONE

બંગાળની ખાડીમાં ઉદભવેલા ચક્રવાતને પરિણામે વાવાઝોડું “દાના “ ઓડિશાના કિનારા તરફ આગળ વધી રહ્યું છે. જો કે ભારતીય હવામાન વિભાગે હજુ સુધી આ ગંભીર ચક્રવાતના ભારતમાં ક્યા વિસ્તાર ઉપરથી પસાર થશે એ અંગેની કોઈ સ્પષ્ટતા કરી નથી.

જોકે આ ચક્રવાત તોફાન પશ્ચિમ ઉત્તર પશ્ચિમ તરફળ આગળ વધશે અને આજે ડિપ્રેશનમાં તેમજ આવતીકાલે ચક્રવાતી તોફાનમાં પરિણમે તેવી શક્યતા છે. ચક્રવાતના પગલે ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે 120 કિલોમીટરની પ્રતિકલાક ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

દરમિયાન, આવતીકાલથી શરૂ થનારી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની ઓડિશાની ત્રણ દિવસીય મુલાકાતને હાલ મુલતવી રાખવામાં આવી છે. ઓડિશા સરકારે ગુરુવારે મયુરભંજ, કેઓંઝર, બાલાસોર અને ભદ્રક સહિતના 14 દરિયાકાંઠાના જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કરી આવતીકાલથી ત્રણ દિવસ માટે તમામ શાળાઓ બંધ રાખવાનો નિર્ણય લીધો છે.